GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# આધુનિક યુગમાં દિગંબર જૈન ધર્મના સથવારે સ્ત્રીઓનો અને સ્ત્રીઓ માટેનું યોગદાન

ડો. શૈલી ગાલા

આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતી પી. એન. દોશી વુમન્સ કોલેજ, ઘાટકોપર વેસ્ટ,
મુંબઈ, 400086
એસ એન ડી ટી યુનિવર્સિટી.
email id: shaili.gala@spndoshi.com

## પ્રસ્તાવના

હિંદુઓની સાથે, જૈનો પણ ભારતમાં સૌથી પ્રાચીન ધાર્મિક સમુદાય છે. તેમની ઓળખ તેમના અલગ ધર્મશાસ્ત્ર, તત્વજ્ઞાન, ધાર્મિક-સામાજિક-કર્મકાંડો, સાહિત્યિક પરંપરા વગેરે દ્વારા પુષ્ટિ મળે છે. ઐતિહાસિક કાળમાં જૈનોનો મૂળ વ્યવસાય સ્થાનિક અને લાંબા અંતરનો વેપાર રહ્યો છે. પરિણામે સમાજ આર્થિક રીતે સમૃદ્ધ થયો છે. વ્યવસાય સાથેના સમુદાયને સાક્ષરતાના કેટલાક ઘટકો પ્રાપ્ત કરવાની ફરજ પાડી. એવું કહેવામાં અતિશયોક્તિ નથી કે આ સમુદાય હંમેશાથી સાક્ષર રહ્યો છે. સાક્ષરતાએ તેમને પ્રાકૃત અને અપભ્રાઆ ને જીવંત રાખવા સક્ષમ બનાવ્યા, જે ભાષાઓમાં મોટી સંખ્યામાં જૈન શાસ્ત્રીય, સાહિત્યિક અને દાર્શનિક ગ્રંથો છે. સામાજિક ક્ષેત્રે જૈન ધર્મનું નોંધપાત્ર યોગદાન એ છે કે તેમણે મહિલાઓને જૈન સંઘ માં પ્રવેશ આપી ને જાતિનો કોઈ ભેદ રાખ્યો નથી.દક્ષિણ ભારતના શિલાલેખો પરથી જાણવા મળે છે કે જૈન ધર્મ સ્ત્રીઓ પ્રત્યે ઉદાર હતો. જૈન ધર્મના ભક્તો તરીકે મોટી સંખ્યામાં સામાન્ય મહિલાઓ અને સાધ્વીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેઓ ધર્મ અને ફિલોસોફીનો સનાતન સત્યને સમજવા અને અનુસરવાના ઉદ્દેશ્ય સાથે બ્રહ્મચર્યનું જીવન જીવતા હતા. અજિતા, ચંદના, જયંતી વગેરે મહાવીરના પ્રખ્યાત સાધ્વી-શિષ્યા હતા. આ સાધ્વીઓને જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. હરિભદ્રસૂરી, આઠમી સદીના જૈન ધર્મના નોંધપાત્ર વિદ્વાન, યાકિની નામની જૈન સાધ્વી થી પ્રેરિત હતા. કદંબ, ગાઓગા અને હોયસલા પરિવારોની મહિલાઓ તેમજ સામંતઓ, સેનાપતિઓ અને અન્ય અધિકારીઓની પત્નીઓએ જૈન ધર્મના પ્રચારમાં વિશિષ્ટ ભૂમિકા ભજવી હતી. કાન્તિ જે પ્રખર વક્તા અને કવિયત્રી હતા, તેઓ અભિનવ પંપા સાથે, હોયસલા રાજા બલ્લાલ ના દરબાર રત્નોમાંના એક હતા. રાજવી, મંત્રી અને સેનાપતિ આદિ ભૂમિકા પણ સ્ત્રીઓ એ ભૂતકાળમાં ઉમદા ભજવી છે, તેનો ઉલ્લેખ જૈન સાહિત્ય અને શીલા લેખોમાં થયેલો છે. સમય જતા મોગલોના આક્રમણ બાદ સમાજમાં સ્ત્રીઓનો ઓનું સ્થાન સીમિત થવા લાગ્યું અને તે ઘરની ચાર દિવારો પૂરતી જ મર્યાદિત રહી ગઈ. સેકડો વરસ આવી પરિસ્થિતિ રહ્યા બાદ સ્વતંત્રતા ચળવળ ના એક ભાગરૂપે જ્યારે ગાંધીજીએ સ્ત્રી કેળવણી માટે આહવાન કર્યું ત્યારે દેશભરમાં ઘણા જૈન શ્રેષ્ઠીઓ એ સ્ત્રીઓ માટે શાળા અને મહાવિદ્યાલયો ની શરૂઆત કરી. લેખિકા પણ પોતાને ભાગ્યશાળી માને છે જે એવી સંસ્થા સાથે જોડાયેલી છે જે આજથી સો વર્ષ પહેલા જૈન મુનિ પંડિત રત્ન ચંદ્ર મહારાજ સાહેબની પ્રેરણાથી સ્ત્રીઓ શરૂ થઈ હતી. શ્રી પંડિત રત્ન ચંદ્ર જૈન કન્યા શાળા ટ્રસ્ટ ના નામે ઓળખાતી આ સંસ્થા હેઠળ આજે 5000 થી વધુ વિદ્યાર્થિનીઓ શાળા અને મહાવિદ્યાલય માં અભ્યાસ કરે છે.

## આચાર્ય શ્રી વિદ્યાસાગર મહારાજ અને 'મૂકમાટી' મહાકાવ્ય:

અંગ્રેજોના સમયમાં દિગંબર જૈન ધર્મ પ્રમાણે સાધુઓને આચાર પાળવો લગભગ અસંભવિત હતો તેથી મુનિ પરંપરા લગભગ લુપ્ત થવાના આરે હતી, ત્યારે ચારિત્ર સમ્રાટ શ્રી શાંતિ સાગર જી એ તેને ફરી જીવંત કરી, અને તેમના શિષ્ય ના શિષ્ય સંત શિરોમણી 108 આચાર્ય શ્રી વિદ્યાસાગર મહારાજ 20 મી સદીના ફક્ત દિગંબર જૈન સંપ્રદાયના જ નહીં પરંતુ સમગ્ર જીવ

https://www.gapbhasha.org/

સૃષ્ટિના ઉપકારક, પ્રેરક, મિત્ર અને ગુરુ, એક એવા સંત થઈ ગયા કે જેમનું જીવન સંપૂર્ણ દર્શન છે, જેમનું આચરણ જીવો પ્રત્યે કરુણા થી ભરેલું છે, જેમના વિચારોમાં સર્વ જીવોનું કલ્યાણ સમાયેલું છે, જેમના ઉપદેશમાં જગત તેના વિકાસના માર્ગ મોકળો કરે છે. તેમના વિચારો ભારતીયતા, દેશભક્તિ અને કર્તવ્યનિષ્ઠા પ્રત્યે અપાર વફાદારીથી તરબોળ છે. પ્રાચીન ભારતીય શુભચિંતકો, તત્વચિંતકો અને સંતોનું અનુકરણ કરવા છતાં તેમના વિચારો મૌલિક છે. શાસ્ત્રીય (સંસ્કૃત અને પ્રાકૃત) અને કેટલીક આધુનિક ભાષાઓ, હિન્દી, મરાઠી અને કન્નડ ના નિષ્ણાત, તે હિન્દી અને સંસ્કૃતમાં એક પ્રબળ લેખક હતા. કેટલાક સંશોધકોએ માસ્ટર્સ અને ડોક્ટરેટ ડિગ્રી માટે તેમના કાર્યોનો અભ્યાસ કર્યો છે.

ઈ.સ. 1987 આચાર્યશ્રીએ 'મૂકમાટી' મહાકાવ્ય રચી ફક્ત હિન્દી સાહિત્ય જ નહીં, પરંતુ સમગ્ર સાહિત્ય જગતને અલૌકિક, અનેરી ભેટ આપી છે. તે મહાકાવ્ય પર 2023 સુધી 52 પીએચડી, તેમજ ઘણા એમ ફીલ ના શોધ પ્રબંધ અને એમ.એ, એમ.એડ ના લઘુ શોધ પ્રબંધ લખાયા છે. આ શકવર્તી ગ્રંથ પર લગભગ પોણા ત્રણસો સમીક્ષકોએ 550 પૃષ્ઠના એક એવા ત્રણ ખંડ હિન્દીમાં મનનીય સમીક્ષા લખી છે, જે ભારતીય જ્ઞાનપીઠે પ્રકાશિત કરી છે. આઠ જેટલી જુદી જુદી ભાષાઓમાં તેના અનુવાદ થયા છે. 17 ફેબ્રુઆરી, 2024 ના રાત્રે ઓમ નો ઉચ્ચાર કરી, સમાધિષ્ટ થયેલા આચાર્ય શ્રીજીને વિનયાંજલિ આપતા પદ્મશ્રી કુમારપાળ દેસાઈ 25 ફેબ્રુઆરી, 2024 ના ગુજરાત સમાચાર ના લેખમાં લખે છે કે 'મૂકમાટી' મહાકાવ્યમાં કોઈ પ્રભાવશાળી રાજવીના ચરિત્રને, કોઈ ઐતિહાસિક પ્રસંગ ને કે કોઈ ભવ્ય ધાર્મિક વિષયનું આલેખન નથી પરંતુ તુચ્છ, પદ દલિત અને સામાન્ય લાગતી માટે એના વિષય વસ્તુ તરીકે મળે છે. એક મહાકાવ્યની રચના માટી ને લક્ષ રાખીને કરવી, એ સ્વયં એક પડકાર છે અથવા કહો કે મૌલિકતા નો એક ચમત્કાર છે. સામાન્ય બાબતને અસામાન્ય બનાવતી એમની સર્જક પ્રતિભાનો સ્પર્શ આ ગ્રંથમાં પદે-પદે અનુભવાય છે. જમીન પરની વિખરાયેલી માટી પરથી કલ્યાણકારી મંગળ કળશ સુધીની યાત્રા દર્શાવીને માનવીય ચેતના ના વિકાસની અનંત શક્યતાઓને તાકી છે અને એ રીતે ઊંડી ખીણ થી ઊંચા શિખર સુધીના અર્થાત પાપમાંથી પરમાત્મા સુધીની યાત્રાનો પ્રેરક આલેખ આપ્યો છે. કલાકૃતિ તરીકે માત્ર માટીના ઉદ્ધારને પ્રતિકાત્મક સૂત્ર રૂપે લઈને કેટકેટલા વિષયમાં આચાર્યશ્રીની વિચાર યાત્રા ગતિ કરે છે. એમાં ધર્મ, દર્શન, રાજનીતિ, સમાજ, અર્થકારણ, અને વર્તમાન સંસ્કૃતિ જેવા વિષયો સાંકળી લેવામાં આવ્યા છે અને ખૂબી તો એ છે કે આ બધા વિષયોની સાથે સાથે માટીની વિકાસયાત્રા ની સાથે, વ્યક્તિની અને વિશ્વની વિકાસ યાત્રા ની કથા પ્રતિ ધ્વનિત થાય છે.

મૂકમાટી મહાકાવ્યનું ગુજરાતી અનુવાદ બ્રહ્મચારી બિંદુ પારેખ અને સહ અનુવાદ શ્રી ભરતભાઈ કાપડીયાએ કર્યું છે. આચાર્યશ્રી, ખંડ-ત્રણ પુણ્યનું પાલન પાપ- પ્રક્ષાલન માં, પુષ્ઠ 200 માં લખે છે,

**"છે નારી જાતિની લાક્ષણિકતાઓ અનેક**
**છે જે પુરુષ સન્મુખ આદર્શરૂપ."**

નારીની અપૂર્વ વ્યાખ્યા આપતા તેઓ જણાવે છે,

"કરુણાકર છે નયનો તેનાં,
નથી સ્પર્શે શક્તિ શત્રુતા તેને,
મિલનસાર મિત્રતા
થતી પ્રાપ્ત તેની કનેથી સહજ, વિનામૂલ્યે.
તેથી જ તો
તેનું સાર્થક નામ છે 'નારી' અર્થાત
' ન અરિ', નારી...
અથવા નથી આરી તેઓ
......તેથી... નારી..?"

મહિલા શબ્દ નું ખૂબ જ અલૌકિક અર્થઘટન કરતા તેઓ લખે છે, જીવનમાં મંગલમય માહોલ જે લાવે તેને મહિલા કહેવાય. જે પુરુષ નિરાધાર નિરાલંબ, હતોત્સવ જીવન પ્રત્યે ઉદાસીન હોય એ પુરુષમાં ધીરજ આસ્થા જગાવતી તેને સન્માર્ગ ભણી દોરતી એટલે મહિલા.

https://www.gapbhasha.org/

અબલા શબ્દ વિશે તેઓશ્રીના અત્યંત હકારાત્મક વિચારો નીચેની પંક્તિઓમાં દ્રષ્ટિગોચર થાય છે.

"જે અવ અર્થાત
'અવગમ'- જ્ઞાન જ્યોતિ પ્રગટાવતી,
મિટાવી તિમિર- તામસ
જાગૃતિ જીવનમાં લાવતી
'અબલા' તે કહેવાતી....!

અથવા જે પુરુષની ચિત્તવૃતિને
વિગત દશાઓથી
અને
અનાગત આશાઓથી
પૂર્ણપણે વેગળી કરી,
'અબ' અર્થાત
આગત- વર્તમાનમાં લાવતી
'અબલા' તે કહેવાતી....!"

અબલાની બીજી પરિભાષા આપતા તેઓ શ્રી લખે છે સંકટ નહીં તે, અબલા છે. આ અબળા વિના સબળ પુરુષ પણ નિર્બળ બને છે અને સમસ્ત સંસાર સમસ્યા સમૂહો પુરવાર થાય છે માટે જ અબલા તેના સાર્થક નામ છે. કુમારી શબ્દ નો ભાવાર્થ આ પ્રમાણે કર્યો છે: 'કુ' અર્થાત પૃથ્વી, 'માં' અર્થાત લક્ષ્મી અને 'રી' અર્થાત્ આપનાર, તેનો ભાવાર્થ થાય છે કે જ્યાં સુધી આ ધરા પર કુમારી રહેશે ત્યાં સુધી ધરા સદા સંપન્ન રહેશે અને તેથી જ સંતોએ ખુમારીને પ્રથમ મંગલ સર્વ લૌકિક માંગલ્યોમાં કીધી છે.

સ્ત્રી એટલે કોણ? તે કેવી હોય? તેના અંતરના શું ભાવ છે? વગેરે નીચેની પંક્તિઓમાં દર્શાવાયું છે:

"'સ' અર્થાત સમશીલ સંયમ,
'ત્રિ' અર્થાત ત્રણ.
ધર્મ, અર્થ, કામ-પુરુષાર્થોમાં
પુરુષને કુશલ-સંયત કરતી
તેથી... 'સ્ત્રી' તે કહેવાતી...!

બેઉ કુળ નું મંગલ વધારતી,
બેઉ લોકનું સુખ સર્જતી,
સ્વ-પર હિત કરનારી,
ગમે ત્યાં રહીને, ગમે તે સહીને પણ
હિતનું દોહન કરતી
તેથી... 'દુહિતા' તે કહેવાતી....!

સદીઓથી પુરુષ સમાજને
આપતી આ સદ્દુપદેશ નારી-
"ઓ અનંગ સંગ થકી બળતાં લોકો!
સાંભળો ,લગીરેક સાંભળો તો....!
સ્વીકારૂં છું... કે
છું હું 'અંગના'
પરંતુ,

https://www.gapbhasha.org/

હું કેવળ અંગ ના.....
શું હું કંઈક વિશેષ પણ...!
અંગની ભીતર પણ
કંઈક ઝાંખવાનો પ્રયાસ કરો,
સિવાય અંગ પણ
કંઈક બીજું માંગવાનો પ્રયાસ કરો,
ચાહું હું આપને જે
છે ચા સ્વીકારવાની તને?
'તે' ચિરંતન શાશ્વત છે
'તે' નિરંજન ભાસ્વત છે,
ભાર- રહિત આભાનું કર આભાર દર્શન તું!"

આવી અનેક અલૌકિક અનુપમ વ્યાખ્યાઓ આપીને ફક્ત નારીનું જ નહીં પરંતુ સમગ્ર જીવસૃષ્ટિનું ગૌરવ આચાર્ય શ્રીજીએ વધાર્યું છે. સાચા સંતો એ હોય જે જેમનું આચરણ જ ઉપદેશ હોય. આમ આચાર્ય શ્રીજીએ ફક્ત સાહિત્યમાં જ સ્ત્રીઓને મહત્વનું સ્થાન નથી આપ્યું પરંતુ આચરણમાં અનેક રીતે મૂકી બતાવ્યું છે.

**પ્રતિભાસ્થલી - કન્યા નિવાસી શૈક્ષણિક સંસ્થા:**

કન્યા ઉભય કુલ વર્ધીની છે, તેથી તેના વિકાસ સાથે બે કુટુંબો તથા સમાજ સીધી રીતે સંકળાયેલો હોય છે, માટે આચાર્ય શ્રીજીની અપાર કૃપા અને દ્રષ્ટિથી પ્રતિભાસ્થલી - અનોખી કન્યા નિવાસી શૈક્ષણિક સંસ્થા સર્જી અને ખીલી છે. પશ્ચિમી સંસ્કૃતિ ના ખાડામાં ગરકાવ થઈ રહેલી ભારતીય સંસ્કૃતિ ને બચાવવા અને ભારતને ફરી એક વિશ્વગુરુ બનાવવાની તેમણે ઝંખના કરી, અને તેમના મસ્તકમાંથી એક સ્વસ્થ શિક્ષણની યોજના ઘડવામાં આવી તેના સાત સ્તંભો છે, સ્વસ્થ તન, સ્વસ્થ વચન, સ્વસ્થ મન, સ્વસ્થ ધન, સ્વસ્થ વન, સ્વસ્થ વતન, સ્વસ્થ ચેતન. જબલપુર(2006), ડોંગરગઢ (2012), રામટેક(2014), પાપોરાજી (2018), અને ઇન્દોર(2018) આ પાંચ જગ્યા પર પ્રતિભાસ્થલી શરૂ કરવામાં આવી છે, જેમાં અત્યારે 3500થી વધુ વિદ્યાર્થીનીઓની લાભ લઇ રહી છે, 350 જેટલી બાલ બ્રહ્મચારિણી વિદુષી અને પ્રશિક્ષિત શિક્ષકો વિદ્યાર્થીનીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમની નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. સી.બી. એસ.સી. માન્યતા પ્રાપ્ત સંસ્થા આજના આધુનિક વાતાવરણમાં પ્રાચીન ગુરુકુળોની સ્મૃતિને જીવંત કરી રહી છે. "અહીં શિક્ષણનો ઉદ્દેશ્ય નિર્વાહ નથી પણ જીવનનું સર્જન છે. શિક્ષણ એ પૈસા કમાવાનું સાધન નથી પરંતુ જ્ઞાન આપવાની પવિત્ર પ્રક્રિયા છે." કસ્તુરી રંગ રાજન કમિટીએ નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 ના સંદર્ભમાં આચાર્ય શ્રીજીની અને પ્રતિભાસ્થલી પ્રેરણાદાયક મુલાકાત લીધી હતી.

**મરુદેવી હેન્ડીક્રાફ્ટ:**

પ્રાચીન સંસ્કૃતિ અને હસ્તકલા ની જાળવણી અને પ્રોત્સાહન માટે મહિલાઓના ઉત્થાન તરફ બીજો પ્રોજેક્ટ 'મરુદેવી હેન્ડીક્રાફ્ટ' આચાર્ય શ્રીજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ શરૂ થયો, જ્યાં ઘણી મહિલાઓને આત્મનિર્ભર જીવન જીવવાનો આધાર મળી રહ્યો છે અને તેઓ પોતાની મહેનત અને કલા કૌશલ્ય થી રસપ્રદ સામગ્રી જેમ કે- બેગ, પર્સ, સાડી, કુર્તી, બેડશીટ, માળા વગેરે તૈયાર કરી રહી છે.

**આર્યિકા 105 પૂર્ણમતિ માતા:**

આચાર્યશ્રીના 400થી વધુ વિશાળ શિષ્ય સંઘમાં 172 જેટલી આર્યિકાઓ દીક્ષિત કરી છે જે મોટે ભાગે ગ્રેજ્યુએટ કે ડબલ ગ્રેજ્યુએટ હોવા સાથે બાળ બ્રહ્મચારિણી છે. તેમાંની જ એક આર્યિકા પૂર્ણમતિ માતાએ સાહિત્ય ક્ષેત્રે વિશાળ સર્જન કરી ભારતની અર્વાચીન વિદુષિઓ માં પોતાનું નામ અંકિત કર્યું છે. જૈન સાહિત્ય ની અમર કૃતિ આચાર્યશ્રી માનતુંગ જી રચિત શ્રી ભક્તામર સ્તોત્ર જે 48 ગાથાનું છે, તેના દરેક અક્ષર પરથી એક એક ગાથા બનાવી, તેના બહુમાનમાં 2688 ગાથાઓ રચી શ્રી ભક્તામર મહામંડલ વિધાન ની રચના કરી. સાહિતાચાર્ય ડો. સોનલ કુમાર જૈન લખે છે કે શ્રી ભક્તામર મહામંડલ વિધાન આ કાવ્ય

https://www.gapbhasha.org/

માનવીય નથી, પણ દેવીય પ્રતિભાસંપન્ન કવિત્વની સરલતમ અભિવ્યક્તિ છે, જે પ્રારંભિક સ્તરના વાચકોને પણ એટલું જ અલહાદીક અને આનંદિત કરે છે જેટલા વિષયના વિશેષજ્ઞો!

પૂર્ણમતિ માતાએ 30 ચોવીસી વિધાન, શ્રી મહાવીર વિધાન, શ્રી નેમિનાથ વિધાન, તત્ત્વાર્થ સૂત્ર વિધાન, ગુરુભક્તિ શતક, આત્મબોધ શતક, પ્રભુ ભક્તિ શતક વગેરે અનેક પ્રકારના સાહિત્યનું સર્જન કરી ભારતીય જ્ઞાન પ્રણાલીમાં અનેરું યોગદાન આપ્યું છે.

**આર્ચિકા 105 જ્ઞાનમતીજી માતા:**

દિગંબર સંપ્રદાયના પ્રથમ આર્યિકા પૂજ્ય જ્ઞાનમતીજી માતા દિગંબર જૈન ઇતિહાસમાં પ્રથમ ક્ષુલ્લિકા અથવા જૈન સાધ્વી તરીકે ગણવામાં આવે છે. આદરણીય ગનીની આર્યિકા રત્ન જ્ઞાનમતી માતાજી એ તેમની અનુભૂતિ ની અડધી સદી નો સમયગાળો પૂર્ણ કર્યો છે જે દિગમ્બર જૈન આર્યિકા સંઘના ઇતિહાસમાં ખૂબ જ નોંધપાત્ર અને ગૌરવપૂર્ણ ઘટના અને સિદ્ધિ છે. તેમણે જ્ઞાન અને ત્યાગના અનોખા સંગમ દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ ના ક્ષેત્ર પર પગ મૂક્યો છે. रोपकाराय सतांविभूतय: જેવા ધ્યેયો અને ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે તેમણે 'અખિલ ભારતીય જૈન મહિલા સંગઠન' 'તીર્થંકર ઋષભદેવ જૈન વિધવા મહાસંઘ', 'ત્રિલોક શોધ સંસ્થાન' જેવી ઘણી સંસ્થાઓની સ્થાપના કરી છે. જ્ઞાનમતિમાતાએ ન્યાય-અષ્ટ સહસ્રીનો એક પ્રખ્યાત સંસ્કૃત ગ્રંથ, વર્ષ 1969માં હિન્દીમાં અનુવાદ કરીને વિદ્વાનોની દુનિયા ને આશ્ચર્યમાં મૂકી દીધી હતી. તે હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, કન્નડ, મરાઠી વગેરે જેવી વિવિધ ભાષાઓની નિષ્ણાત પણ બની હતી.. પછીથી સમયસાર, નિયમસાર વગેરે પર સંસ્કૃત અને હિન્દી માં સમજૂતી રચી; સ્વાધ્યાય માટે શાસ્ત્રો-જૈન ભારતી, જ્ઞાનામૃત, ત્રિલોક-ભાસ્કર, પ્રવચન નિર્દેશિકા વગેરે; પ્રતિજ્ઞા, સંસ્કાર, ભક્તિ, આદિ બ્રહ્મ, આટે કા મુર્ગા, જીવનદાન જેવી નવલકથા વગેરે 450 થી વધુ પુસ્તકો ની રચના કરી; 1995માં અવધ યુનિવર્સિટી (ફૈઝાબાદ) અને 8 એપ્રિલ 2012 ના રોજ તીર્થંકર મહાવીર યુનિવર્સિટી, મુરાદાબાદ દ્વારા "D.Litt" ની માનદ પદવી એનાયત કરવામાં આવી. જૈન ગણિત અને ત્રિલોક વિજ્ઞાન પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ, રાષ્ટ્રીય ઉપકુલપતિ પરિષદ, ઇતિહાસકારોની પરિષદ, ન્યાયાધીશોની પરિષદ અને અન્ય ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સેમિનાર વગેરેનું આયોજન અને નેતૃત્વ કર્યું. જંબુદ્વીપ, તેરહદ્વીપ, તીનલોક વગેરે જેવી અનન્ય રચનાઓ નું સર્જન અને ભગવાન શાંતિ-કુંથુ-અરનાથ ના જન્મ સ્થળ હસ્તિનાપુરમાં 31-31 ફૂટ ઊંચી ભગવાન શાંતિ-કુંથુ-અરનાથ ની વિશાળ મૂર્તિઓની સ્થાપના ની પ્રેરણા અને નેતૃત્વ કર્યું. શાશ્વત તીર્થ સ્થળ અયોધ્યા નો વિકાસ અને જીર્ણોદ્ધાર, આદિનાથ-અજિતનાથ-અભિનંદનાથ-અનંતનાથ ના જન્મ સ્થળ ટોંક ખાતે ભવ્ય મંદિરનું નિર્માણ, 'નંદ્યાવર્ત મહેલ' નામના તીર્થસ્થાન નું ભવ્ય નિર્માણ, ભગવાન મહાવીરના જન્મ સ્થળ કુંડલપુર (નાલંદા-બિહાર),ભગવાન મુનિસુવ્રતનાથ જન્મભૂમિ રાજગૃહ અને ભગવાન શ્રેયાંસનાથ જન્મભૂમિ સિંહાપુરી (સારનાથ) ખાતે મંદિરનું નિર્માણ, ભગવાન ઋષભદેવ દીક્ષા ભૂમિ પ્રયાગ-અલાહાબાદ (ઉત્તર પ્રદેશ) ખાતે તીર્થંકર ઋષભદેવ તપસ્થલી તીર્થનું નિર્માણ, ત્રીસ ભગવાન ચૌબિસનાથ મંદિરનું નિર્માણ, અલ્લાહબાદ અને ત્રીસ ભગવાન ચૌબિસનાથ મંદિરનું નિર્માણ. શિખર જી, પાવાપુરી, ગુણવાન, માંગીતુંગી વગેરે ખાતે મંદિરોનું નિર્માણ, સનાવડ (M.P.) ખાતે નમોકાર ધામ તીર્થનું નિર્માણ, માંગિતુંગીમાં નિર્માણાધીન ભગવાન ઋષભદેવની વિશાળ 108 ફૂટ ઊંચી પ્રતિમા, ભગવાન મહાવીર કેવલજ્ઞાન ભૂમિ વિકાસ અને સમ્મેદ શિખરજી માં "આચાર્ય શ્રી શાંતિસાગર ધામ" નો વિકાસ વગેરે કાર્યો તેમના માર્ગદર્શન હેઠળ થયા છે.

**આર્ચિકા 105 સુપાર્શ્વ મતી માતાજી:**

આચાર્ય 108 વીર સાગરજી મહારાજ ના શિષ્યા આર્ચિકા સુપાર્શ્વ મતી માતાજી દ્વારા લિખિત અને અનુવાદિત ગ્રંથની સૂચિ આ પ્રમાણે છે: પરમ અધ્યાત્મ તરંગિણી, સાગર ધર્મામૃત, નારી ચાતુર્ય, અનગાર ધર્મામૃત, મહાવીર ઓર ઉનકા સંદેશ, નય વિવક્ષા, મેરા ચિંતવન, નૈતિક શિક્ષા પ્રદ કહાનિયા ભાગ 10,
20 થી અધિક કૃતિ છે.

**આર્ચિકા 105 વિશુધ્ધ મતી માતાજી:**

આચાર્ય 108 વીર સાગરજી મહારાજ ના શિષ્યા આર્ચિકા વિશુદ્ધ મતી માતાજી દ્વારા શ્રીમદ સિદ્ધાંત ચક્રવર્તી નેમિચંદ્રાચાર્ય વિરચિત ત્રિલોક સારકી સચિત્ર હિન્દી ટીકા, ભટ્ટારક સકલ કીર્ત્યાચાર્ય વિરચિત સાત દીપક અપર નામ કે દીપિકા કે હિન્દી ટીકા, ગુરુ ગૌરવ, શ્રાવક સોપાન ઔર બાર ભાવના આદિ સાહિત્ય સર્જન કર્યું છે.

https://www.gapbhasha.org/

**ગુજરાત સરકારના અગ્ર સચિવ મોના ખંધાર:** આચાર્યશ્રી ની પ્રેરણાથી હજારો શ્રાવિકાઓએ પણ સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં પોતાનું યોગદાન નોંધાયું છે, તેમાંના એક એટલે ગુજરાત સરકારના અગ્ર સચિવ મોના ખંધાર. 21 વર્ષની ગ્રેજ્યુએટ યુવતી જે આચાર્ય શ્રીજી ના શિષ્યા બનવા તક પર હતી, તેની કુશાગ્ર બુદ્ધિ જોઈ આચાર્યશ્રીએ તેને IAS પરીક્ષાની તૈયારી કરવા જણાવ્યું. ગુરુ ના આશીર્વાદ ના અને અપાર મહેનત ફળ સ્વરૂપે સિવિલ સર્વિસ પરીક્ષા માં દેશભરમાં સાતમો ક્રમ મેળવી ટોચની ક્રમાંકિત મહિલા ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા . હાલમાં પંચાયત, ગ્રામીણ આવાસ અને ગ્રામીણ વિકાસ વિભાગ અને મહેસુલ વિભાગના અગ્ર સચિવની નિર્ણાયક જવાબદારી સંભાળવાની સાથે તેઓ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ નો ચાર્જ ધરાવે છે. જાપાનમાં ભારતીય રાજદૂત વાસમાં સેવા અને G20 દરમિયાન પણ મહત્વની જવાબદારી નિભાવી ચૂકેલા મોના ખંધાર 25 વર્ષથી વધુ લાંબી કાર કારકિર્દી ધરાવે છે. શૈક્ષણિક રીતે, મોના ખંધારે હાવડ કેનેડી સ્કૂલમાંથી આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર માં મેશન ફેલો અને MPA ઉપરાંત સિરાકયુઝ યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન નો અભ્યાસ કરી EPPA (ઇન્ટરનેશનલ ટ્રેડ ફાયનાન્સ) માં ડિગ્રી મેળવે છે. આ સિદ્ધિઓ પહેલા, તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી ફાઇનાન્સિયલ એકાઉન્ટિંગ, કોસ્ટ એકાઉન્ટ અને કમ્પ્યુટર પ્રોગ્રામિંગ માં વિશેષતા ધરાવતા કોમર્સને સ્નાતક ડિગ્રી ની સાથે સ્નાતક થયા હતા.

**વિશ્લેષણ અને નિષ્કર્ષ:**

દિગંબર જૈન સંપ્રદાયમાં એવું કહેવાય છે કે સ્ત્રી નો અવતાર તે પાપનું ફળ છે, સ્ત્રી પર્યાય માં જૈન મૂર્તિનો સ્પર્શનો અધિકાર નથી, સ્ત્રી પર્યાય થી મોક્ષ સંભવિત નથી, તે જ દિગંબર જૈન સંપ્રદાયમાં સ્ત્રી ના સર્વાંગી વિકાસ માટે આચાર્યશ્રી જીના માર્ગદર્શન હેઠળ પ્રયત્નો થયા છે અને તે જ સંપ્રદાયમાંથી સેકડો આર્યિકા, બાલ બ્રહ્મચારી બહેનો અને શ્રાવિકાઓએ ભારતીય જ્ઞાન પ્રણાલીમાં અને જૈન પરંપરા માટે અભૂતપૂર્વ યોગદાન 20મી અને 21મી સદીમાં કર્યું છે. પ્રતિભાસ્થલી જેવી શિક્ષણ સંસ્થા માંથી નીકળેલી જૈન અને જૈનેતર વિદ્યાર્થિનીઓ આજે સમાજમાં આદરણીય અને પ્રમાણિક રેડિયોલોજીસ્ટ, એડવોકેટ, એન્જિનિયર, પ્રોફેસર, ડૉક્ટર આદિ રૂપે સેવા આપી સ્વસ્થ અને આદર્શ સમાજ માટે બહોળું યોગદાન આપી રહી છે. પાશ્ચાત્ય દેશોમાં છેલ્લા 300 વર્ષની અંદર જ એવું કહેવાતું વિકાસ થયો કે જેમાં આકાશ, જળ, પૃથ્વી કંઈ પણ સારું રહ્યું નહીં, વિકાસ ના નામે વિનાશ ની ઓર જ જગત ધસ્તુ ગયું. તેમની સંસ્કૃતિ માં સ્ત્રી સશક્તિકરણ એટલે સ્ત્રીઓનું આત્મનિર્ભર થવું પણ તેમાં ક્યાંય પણ મૂલ્ય શિક્ષણ, સંસ્કાર, ધર્મ વગેરે ભાગ ભજવતો ન હતો. જ્યારે ભારતની હજારો લાખો વર્ષ જૂની સંસ્કૃતિ એટલે ટકી શકે છે કારણ કે ધર્મ, મૂલ્યો, સંતો વગેરે રોજિંદા જીવનના અભિનય અંગો હતા . આ જ સંસ્કૃતિને ટકાવી રાખવા આચાર્યશ્રી અને આર્યિકા માતાઓ પ્રતિભાસ્થલી જેવી સંસ્થા ના માધ્યમે સુસંસ્કૃત, શિક્ષિત, મૂલ્યોને આધારે જીવન જીવતી સ્ત્રીઓનો અને સમાજના ઘણતર અને વિકાસનું બીડું ઝડપ્યું છે. તેના સુંદર ફળ સ્વરૂપે મોના ખંધાર જેવી હજારો સુસંસ્કારી, ધાર્મિક, મૂલ્ય આધારિત જીવન નિર્વાહ કરનારી સ્ત્રીઓ સમાજમાં પોતાનું બહોળું યોગદાન આપી રહી છે. આજ સન્નારીઓ વસુધૈવ કુટુંબકમ જેવી ભારતીય સંસ્કૃતિને જાળવી, સમગ્ર જગતને જ્ઞાન, કલા, વિજ્ઞાન વગેરેનો સંયમિત અને સુનિયોજિત ઉપયોગ કરવાનું માર્ગદર્શન પૂરું પાડી ભારતને વિશ્વ ગુરુ બનાવવા માટે તૈયાર છે.

## સંદર્ભ ગ્રંથ

[1] Baal Br. Pt. Sumat Prakash Ji. “आचार्य श्री विद्यासागर जी महाराज के जीवन के प्रेरक प्रसंग || आ. बाल ब्रह्मचारी श्री सुमतप्रकाशजी.” *YouTube*, 25 Feb. 2024, www.youtube.com/watch?v=sGyBfVOpB74.
[2] Digjainwiki. “Aryika Shri 105 Suparswamati Mata Ji (Mainsar) - DigJainWiki.” *DigJainWiki - the Place for Digambar Jain Information*, 18 Dec. 2023, digjainwiki.org/wiki/aryika-shri-105-suparswamati-mata-ji-mainsar.
[3] “Aryika Shri 105 Vishuddhmati Mata Ji 1929 - DigJainWiki.” *DigJainWiki - the Place for Digambar Jain Information*, 27 Dec. 2023, digjainwiki.org/wiki/aryika-shri-105-vishuddhmati-mata-ji-1929.
[4] Jain, Harsh. “Pujya Gyanmati Mataji Granth Suchi - Encyclopedia of Jainism.” *Encyclopedia of Jainism - Encyclopedia of Jainism*, 5 Dec. 2023, encyclopediaofjainism.com/pujya-gyanmati-mataji-granth-suchi.
[5] Jainworld. “CONTRIBUTIONS OF JAINISM TO INDIAN CULTURE - Jainworld.” *Jainworld*, 26 Aug. 2022, jainworld.com/literature/jain-history/contributions-of-jainism-to-indian-culture.
[6] Jainworld. “SOCIAL LIFE OF THE JAINA COMMUNITY IN MEDIEVAL TIMES - Jainworld.” *Jainworld*, 26 Aug. 2022, jainworld.com/literature/jain-history/social-life-of-the-jaina-community-in-medieval-times.

[7] Jambudweep. "श्री ज्ञानमती माताजी का परिचय (मुख्य) - Encyclopedia of Jainism." *Encyclopedia of Jainism - Encyclopedia of Jainism*, 7 Jan. 2024, encyclopediaofjainism.com/%E0%A4%97%E0%A4%A3%E0%A4%BF%E0%A4%A8%E0%A5%80%E0%A4%AA%E0%A5%8D%E0%A4%B0%E0%A4%AE%E0%A5%81%E0%A4%96-%E0%A4%B6%E0%A5%8D%E0%A4%B0%E0%A5%80-%E0%A4%9C%E0%A5%8D%E0%A4%9E%E0%A4%BE%E0%A4%A8%E0%A4%AE-3.

[8] Vidya purn. "#विद्यापूर्ण आ.रत्न 105 पूर्णमति माताजी को वैराग्य कैसे हुआ जाने इस संस्मरण के माध्यम से." *YouTube*, 20 Jan. 2021, www.youtube.com/watch?v=t3JNCER4Uz8.

[9] "आर्यिका 105 पूर्णमती माता जी." *Vidyasagar Ji Maharaj | Vidyasagar Ji Maharaj Pravachan | Jain Religion in Hindi*, www.vidyasagar.net/aryika-105-purnamati-mata-ji.

[10] "दीक्षित आर्यिकाएं." *Vidyasagar Ji Maharaj | Vidyasagar Ji Maharaj Pravachan | Jain Religion in Hindi*, www.vidyasagar.net/aryika-2.

[11] દેસાઈ, કુમારપાળ " મૂકમાટી એક કૃતિ પર 52 સંશોધકોને પીએચડી" ગુજરાત સમાચાર, 25 ફેબ્રુઆરી 2024

[12] मेरे गुरुवर... आचार्य श्री विद्यासागर जी महाराज. "जैन आचार्य श्री विद्यासागर जी महाराज www.AcharyaVidyasagar.com. मेरे गुरुवर... आचार्य श्री विद्यासागर जी महाराज, 5 Sept. 2021, vidyasagar.guru/acharyashri.

[13] "प्रतिभास्थली ज्ञानोदय विद्यापीठ." मेरे गुरुवर... आचार्य श्री विद्यासागर जी महाराज, 24 Feb. 2001, vidyasagar.guru/clubs/16-group.

[14] મૂકમાટી, આચાર્ય શ્રી વિદ્યાસાગર મહારાજ, અનુવાદક બ્રહ્મચારી બિંદુ પારેખ, સહ અનુવાદક શ્રી ભરતભાઈ કાપડિયા, ભારતીય જ્ઞાનપીઠ, ન્યુ દિલ્હી, 2016

https://www.gapbhasha.org/